ફરીયાદ રજુ તારીખ: ૧૩.૦૪.૨૦૨૩.

ફરીયાદ દાખલ તારીખ:૧૯.૦૫.૨૦૨૩.

ફરીયાદ ફેસલ તારીખ: ૦૧.૧૦.૨૦૨૪.

સમય અવધિ ..... વર્ષ,.......માસ,........ દિવસ.

**<u>૨૧મા એડિશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ અમદાવાદ શહેર, સાહેબની કોર્ટમા.</u>**

(સ્પેશીયલ એન.આઇ.એકટ કોર્ટ નંબર ૩૩)

ફોજદારી કેસ નંબર : ૪૫૫૯૧/૨૦૨૩

**આંક- ૧૮**

ફરીયાદી :- મિતલબેન સુલભભાઇ ઉપાધ્યાય.

ઓફીસ: - ૧૧૨- ગોકુલધામ સોસાયટી, સ્મૃતિ મંદીર સામે, અમદાવાદ.

વિરુધ્ધ

આરોપી :- મોહસીન નાસિરભાઇ ગરાસીયા.

રહે :- ગરાસિયા ફળીયુ, ગામ અવાખલ,તાલુકો સીનોર, જીલ્લો વડોદરા.

.............................................................................................................

તહોમત: વટાઉખત અધિનીયમ , સને ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબ.

.............................................................................................................

ફરીયાદી તરફે વિધ્વાન વકીલ શ્રી પી.સી.ભટ્ટ.
બચાવપક્ષે વિધ્વાન વકીલશ્રી એસ.વાય.ગજીયાવાલા.

.............................................................................................................

-:: ચુ કા દો ::-

**(૧)** ફરીયાદપક્ષની ફરીયાદ મુજબની સંક્ષીપ્ત હકીકત.

**(૧.૧)** ગામ માલેથા ખાતે ગુપ્તેશ્વર મહાદેવની બાજુમા તાલુકા સિનોર, જીલ્લો વડોદરા ખાતે ફરીયાદીને શ્રી શિવરેવા ધામ આશ્રમ આવેલ છે. સદર હુ આશ્રમમા ફરીયાદી અને તેમના પતિ સુલભભાઇ અમદાવાદ ખાતે હોય અને આશ્રમમા કોઇ જરુરીયાત ઉભી થાય તો શ્રી ભરતભાઇ માછી કે જેઓ દીવેર ગામના છે અને તેઓ સ્થાનીક વ્યકિત હોય મદદરુપ થાય છે. ભરતભાઇ માછીએ સદર હુ આશ્રમ ખાતે આરોપીની મુલાકાત

ફરીયાદીના પતિ સાથે કરાવેલ. ભરતભાઇ માછી અને આરોપી તારીખ: ૨૭.૦૬.૨૦૨૨ ના રોજ સવારે અમદાવાદ મુકામે ફરીયાદીના ઘરે આવેલ અને ભરતભાઇના કહેવાથી આરોપીને તેમની માતાની સારવાર માટે રૂ.૧,૫૦,૦૦૦ ની જરુરીયાત હોય ફરીયાદીએ તેમની બેંકમાથી સેલ્ફના ચેકથી રૂ. ૨ લાખ ઉપાડી લાવી આરોપીને ભરતભાઇ માછી અને ફરીયાદીના પતિની રુબરુમા રૂ.૧,૫૦,૦૦૦ રોકડા આરોપીને તેમની માતાની સારવાર માટે હાથ ઉછીના આપેલા. આ વખતે આરોપીએ પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ કે તેઓ ૬ માસમા ફરીયાદીને સદર હુ લેણી રકમ ચુકવી દેશે અને તે પેટે આરોપીએ ફરીયાદીને રૂ.૧,૫૦,૦૦૦ અંગેની પ્રોમીસરી નોટ પણ લખી આપેલ. બાદ છ મહીનાનો સમય થતા ફરીયાદીએ આરોપી પાસે ઉપરોકત લેણી રકમની માંગણી કરતા આરોપીએ ફેબ્રુઆરી ૨૦૨૩ મા ફરીયાદીના આશ્રમ ખાતે ફરીયાદી, ફરીયાદીના પતિ, તેમજ ભરતભાઇ માછીની હાજરીમા લેણી રકમ ચુકવવા આરોપીએ બેંક ઓફ ઇન્ડીયા , અવાખલ શાખાનો ચેક નંબર ૦૨૮૬૪૫,તારીખ:૦૯.૦૨.૨૦૨૩, રૂ.૧,૫૦,૦૦૦ નો આપેલ.

**(૧.૨)** જે ઉપરોકત રકમની ચુકવણી પેટે આરોપીએ ફરીયાદીને આપેલ ચેક ફરીયાદીએ તેમની બેંક ટી.ટી.સી બેંક, આયોજન નગર શાખામા જમા કરાવતા સદર હુ ચેક વગર સ્વીકારાયે '' KINDLY CONTACT DRAWER/DRAWEE BANK AND PLEASE PRESENT AGAIN'' ના શેરા સાથે પરત આવેલ છે.

**(૧.૩)** જેથી વટાઉખત અધિનીયમ, સને ૧૮૮૧ (જેને હવે પછી સરળતા ખાતર ટુંકમા ''અધિનીયમ'' તરીકે સંબોધવામા આવશે) ની કલમ-૧૩૮ મુજબ ફરીયાદીએ વકીલ મારફત તારીખ: ૦૧.૦૩.૨૦૨૩ ના રોજ રજીસ્ટર પોસ્ટ એ.ડી થી આરોપીને નોટીસ આપેલ. જે નોટીસની આરોપીને બજવણી થઇ હોવા છતા આરોપીએ ચેક મુજબની રકમ ફરીયાદીને સમય મર્યાદામા ચુકવી આપેલ નથી. જેથી હાલની ફરીયાદ ફરીયાદીએ દાખલ કરી છે.

**(૨)** કેસની ઇન્સાફી કાર્યવાહી ઉપરોકત વિગતની ફરીયાદ અત્રેની કોર્ટમા રજુ થયા બાદ ફરીયાદીની ફરીયાદ હકીકત તેમજ તે સાથે રજુ દસ્તાવેજો લક્ષમા લઇ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૨૦૪ મુજબ આરોપી વિરુધ્ધ અધિનીયમની કલમ-૧૩૮ મુજબ શીક્ષાપાત્ર ગુનાના તહોમતની ન્યાયીક કાર્યવાહી માટે હાજર રહેવા અંગેનો સમન્સ ઇસ્યુ કરવામા આવેલ હતો. આરોપીને સમન્સની બજવણી થતા આરોપી તેમના વિધ્વાન વકીલશ્રી મારફત હાજર રહેતા આરોપીને તેમની વિરુધ્ધના કેસ પેપર્સની નકલો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૨૦૭ મુજબ પુરી પાડવામા આવેલ છે અને બાદમા ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૨૫૧ અન્વયે તારીખ:૦૪.૧૦.૨૦૨૩ ના રોજ આરોપીની પ્લી (નિવેદન) આંક-૦૬ થી નોંધતા આરોપીએ ગુનો કર્યાનો ઇન્કાર કરેલ છે. જેથી ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૨૫૪ અન્વયે સબબ કામ ફરીયાદ પક્ષના પુરાવા માટે રાખવામા આવેલ છે.

**(૩)** ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામા આવેલ છે.

**ફરીયાદપક્ષ તરફથી રજુ મૌખીક પુરાવા:-**

**૧.** અધિનિયમની કલમ ૧૪૫ મુજબ આંક-૦૪ થી ફરીયાદીની લેખિત સરતપાસનું સોગંદનામુ.

**ફરીયાદપક્ષ તરફથી રજુ દસ્તાવેજી પુરાવા:-**

| અ.નં | આંક | દસ્તાવેજી પુરાવાની વિગત. |
|---|---|---|
| ૧. | ૦૭ | ફરીયાદીનુ એકાઉન્ટ સ્ટેટમેન્ટ. |
| ૨. | ૦૮ | પ્રોમીસરી નોટ. |
| ૩. | ૦૯ | ફરીયાદવાળો ચેક નંબર ૦૨૮૬૪૫ અસલ. |
| ૪. | ૧૦ | ચેક રિટર્ન મેમો અસલ. |
| ૫. | ૧૧ | ફરીયાદી આપેલ નોટિસ ની ઓસી. |

| | | |
|---|---|---|
| ૬. | ૧૨ | ફરીયાદી એ નોટિસ મોકલ્યા ની રસીદ અસલ. |
| ૭. | ૧૩ | નોટિસ બજયા અંગેની પોસ્ટ ખાતાનુ સ્ટેટસ. |

**(૪)** ઉપરોકત પુરાવા રજુ કર્યા બાદ ફરીયાદપક્ષ તરફથી આંક- ૧૫ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરી પોતાનો પુરાવો પુરો થયો હોવાની જાહેરાત કરી છે.

**(૪.૧)** કેસનુ રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદી દવારા આંક-૦૪ થી પોતાની સરતપાસ રજુ કરેલ છે. આરોપીને પ્રથમ સમન્સની બજવણી તારીખ: ૨૪.૦૭.૨૦૨૩ ના રોજ થઇ છે અને આરોપી હાજર નહી રહેતા આરોપી સામે જામીનલાયક વોરંટ ઇસ્યુ કરવામા આવેલ છે તે આધારે આરોપી તારીખ: ૦૪.૧૦.૨૦૨૩ ના રોજ હાજર રહેલા છે. આ કામે આંક-૧ ઉપર આરોપી તરફે તેઓને નકલો મળી હોવાનો શેરો તારીખ:૦૪.૧૦.૨૦૨૩ ના રોજ કરેલ છે. આંકે પાડવાની અરજી સબબ પણ બચાવપક્ષ દવારા વાંધા ન હોવાનો શેરો તારીખ: ૨૭.૧૨.૨૦૨૪ ના રોજ કરેલ છે. તારીખ: ૨૦.૦૬.૨૦૨૪ ના રોજ ફરીયાદી ઉલટ તપાસ માટે હાજર હોય અને આરોપી કે તેના વકીલશ્રી ઉલટ તપાસ માટે હાજર ન હોય ફરીયાદી દવારા આંક-૧૪ થી બચાવપક્ષની ગેરહાજરી સબબ ઉલટનો હકક બંધ કરવાની અરજી આપતા આંક-૧૪ લગત હુકમ કરી બચાવપક્ષની ગેરહાજરી તથા કસુર સબબ ઉલટ તપાસનો હકક બંધ કરવા હુકમ કરવામા આવેલ છે. તે બાદ આરોપી કે તેના વકીલશ્રી બચાવ કરવા કોર્ટમા હાજર રહેલા નથી. વધુમા સબબ આરોપીના વિશેષ નીવેદન માટે રાખેલ હોય મુદત તારીખ: ૨૦.૦૭.૨૦૨૪ ના રોજ આરોપી કે તેના વકીલશ્રી હાજર નહી રહેતા ફરીયાદી દવારા આંક-૧૭ થી બચાવપક્ષના એફ.એસનો હકક બંધ કરવા અરજી આપતા આરોપીની ગેરહાજરી તથા કસુરના કારણે આરોપીના એફ.એસ નો હકક બંધ કરી કામ આગળ ચલાવામા આવેલ છે તે બાદ આરોપી દલીલ ના સ્ટેજે પણ હાજર રહેલા નથી. આથી ફરીયાદીની મૌખીક દલીલો સાંભળી કામ જજમેન્ટ માટે રાખવામા આવેલ છે. આમ, આ કામે આરોપી દવારા પોતાનો કોઇ મૌખીક કે દસ્તાવેજી પુરાવા રજુ કરી બચાવ રજુ કરેલ નથી, ફરીયાદીની ઉલટ તપાસ

કરી ફરીયાદપક્ષના કેસનુ કોઇ ખંડન કરેલ નથી.

**(૫)** દલીલો:-

**(૫.૧)** ફરીયાદપક્ષ તરફથી વિધ્વાન વકીલશ્રી પોતાની મૌખીક દલીલમા જણાવેલ છે કે ફરીયાદીની જુબાની થકી ફરીયાદ હકીકત તથા દસ્તાવેજી પુરાવાને સમર્થન મળેલ છે. વધુમા ફરીયાદપક્ષના મૌખીક પુરાવાનુ બચાવપક્ષ દવારા કોઇ ખંડન કરેલ નથી. આમ જયારે ફરીયાદપક્ષના કેસનુ આરોપી દવારા કોઇ ખંડન કરેલ ન હોય કે કોઇ ખંડનાત્મક પુરાવો રજુ કરેલ ન હોય તેમજ ફરીયાદવાળા ચેક ઉપર આરોપીની સહી ન હોવા બાબતે આરોપીની કોઇ તકરાર ન હોય અને કલમ-૧૩૯ ના કાયદાકીય અનુમાન ફરીયાદીની તરફેણમા હોય અને તેનુ ખંડન બચાવપક્ષ કરવામા નિષ્ફળ રહેલા હોય ફરીયાદી તેમનો કેસ પુરવાર કરવામા સફળ રહેલા હોય આરોપીને તકશીરવાન ઠરાવવા પોતાની દલીલમા જણાવેલ છે.

**(૬)** સદર હુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

(૬.૧) શું ફરીયાદપક્ષ નિ:શકપણે સાબીત કરે છે કે, ફરીયાદ હકીકત મુજબ ફરીયાદી ના કાયદેસરના લેણા/જવાબદારીની ચુકવણી પેટે આરોપીએ આપેલ ફરીયાદ વિગતનો ચેક ફરીયાદીએ સ્વીકારવા માટે પોતાના બેંક ખાતામા રજુ કરતા આ ચેક વણસ્વીકાર્યો પરત આવેલ છે અને તે અંગે ફરીયાદીએ આરોપીને નોટીસ આપવા છતા આરોપીએ કાયદા મા ઠરાવેલ સમય મર્યાદામા વણસ્વીકારાએ પરત આવેલ ચેકના નાંણા ફરીયાદીને ચુકવી આપેલ નથી અને તેમ કરી આરોપીએ અધિનીયમની કલમ- ૧૩૮ ની જોગવાઇ મુજબ શીક્ષાપાત્ર ગુનો આચરેલ છે.?

(૬.૨) શું હુકમ.?

ઉપરોકત મુદ્દાઓ સંદર્ભે રજુ પુરાવો તેમજ ફરીયાદપક્ષની દલીલ લક્ષમા લેતા ઉપરોકત મુદ્દાઓના નિર્ણય અંગેના કારણો નીચે મુજબ છે.

મુદ્દા નંબર ૧ નો જવાબ હકારમા.

મુદ્દા નંબર ૨નો જવાબ આખરી હુકમ મુજબ.

-:કા ૨ ણો:-

**(૭)** સાબીતીના બોજા અંગે કાયદાકીય જોગવાઇ, ચુકાદાઓ..

**(૭.૧)** આરોપી વિરુધ્ધ અધિનીયમ ની કલમ-૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનાનુ તહોમત છે જે અંગે અધિનીયમની કલમ-૧૩૮ ની જોગવાઇ લક્ષમા લેતા નીચે મુજબના આવશ્યક તત્વો ફરીયાદીની ફરીયાદમા હોવા જોઇએ અને તેવી હકીકત ફરીયાદીએ તેઓના પુરાવાથી પુરવાર કરવાની છે. (૧) કાયદેસરના લેણા/જવાબદારીની ચુકવણી પેટે આરોપી દવારા ચેક ઇસ્યુ કરવામા આવેલ હતો.(૨) ચેક ફરીયાદી દવારા બેંકમા રજુ કરવામા આવેલ હતો.(૩) ચેક બેંકમા રજુ કરતા વણચુકવ્યે પરત આવેલ હતો.(૪) વણચુકવ્યે પરત ફરેલ ચેકીની રકમ ચુકવવા ચેક લખનારને આ કલમની જોગવાઇ મુજબની નોટીસ ઇસ્યુ કરવી.(૫) નોટીસની બજવણી થવા છતા નીયત મુદતમા ચેકની રકમ ચુકવવામા નિષ્ફળ ગયેલ છે.

ઉપરોકત કાયદાકીય જોગવાઇ સિવાય અધિનીયમ ની કલમ-૧૩૯ મા ધારકની તરફેણમા અનુમાન કરવા બાબતની જોગવાઇ કરવામા આવેલ છે.

**(૭.૨)** અધિનીયમની કલમ-૧૩૯ ધારકની તરફેણમા અનુમાન:- વિરુધ્ધનુ સાબીત થાય તે સીવાય એવુ માની લેવામા આવશે કે ચેકના ધારકને સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કલમ-૧૩૮ મા ઉલ્લેખેલ પ્રકારનો ચેક મળ્યો છે.

**(૭.૩)** પ્રસ્તુત કેસના નિર્ણય માટે રજુ પુરાવાની ચર્ચા કરતા અગાઉ તે સંદર્ભે અધિનીયમની કલમ- ૧૧૮, ૧૩૯ અંગે ૨૦૧૦ એ.આઇ.આર (સુપ્રીમ કોર્ટ) રંગપ્પા વિરુધ્ધ શ્રી મોહનનો ચુકાદો માનસહ વંચાણે લીધો. આ ચુકાદામા નામદાર સુપ્રિમ કોર્ટે પેરા ૧૪ મા ઠરાવેલ છે કે કલમ-૧૩૯ મા કાયદેસરનુ લેણુ અસ્તીત્વમા હતુ તેવા અનુમાનનો સમાવેશ થાય છે. આરોપીએ કલમ-૧૩૯ હેઠળના અનુમાનનુ ખંડન માટે નો

પુરાવો સંભાવનાની પ્રબળતા હોય તેટલી કક્ષાનો આપવો પડશે અને તે માટે આરોપીએ પોતાનો પુરાવો આપવાની જરુર નથી પરંતુ ફરીયાદી તરફે રજુ પુરાવા પર આધાર રાખી ને પણ બચાવ કરી શકે છે.

**(૭.૪)** ૨૦૦૯ (૨) જી.એલ.આર સુપ્રિમ કોર્ટ મેસર્સ કુમાર એકસપોર્ટ વીરુધ્ધ મેસર્સ શર્મા કાર્પેટસ નો ચુકાદો માનસહ વંચાણે લીધો. પ્રસ્તુત ચુકાદામા નામદાર સુપ્રિમ કોર્ટે પેરા-૧૦ અને ૧૧ મા ઠરાવેલ છે કે ફરીયાદી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટનુ એકઝીકયુશન પુરવાર કરે અથવા આરોપી સ્વીકાર કરે ત્યાર પછી પુરાવાનો બોજો અધિનીયમની કલમ- ૧૧૮,૧૩૯ હેઠળ અનુમાન ખંડનાત્મક છે અને આરોપીએ અવેજ અથવા દેવુ અસ્તીત્વમા ન હતુ તેવી સંભાવના સ્વીકારે તેવો ખંડનાત્મક પુરાવો રજુ કરવો પડે.

**(૮)** મુદ્દા નંબર ૧ ના નિર્ણય હેતુસુર ઉપરોકત ચર્ચા મુજબની કાયદાની જોગવાઇ તેમના નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાથી સ્થાપીત સિધ્ધાંત અને તે અન્વયે પ્રસ્તુત કેસની હકીકત અને તે અન્વયે રજુ પુરાવા લક્ષમા લેવામા આવેલ છે.

**(૮.૧)** અધિનીયમની કલમ-૧૩૮ ખાતામાં અપૂરતા ફંડને કારણે અમુક ચેકોના અસ્વીકાર ની બાબતમાં શિક્ષા. ખાતામાં અપૂરતા ફંડ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર થવા બાબત- સમગ્ર અથવા અંશતઃ દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે બેન્કર પાસેના પોતાના ખાતામાંથી, બીજી વ્યકતીને નાણાંની રકમ ચૂકવવા માટે તે ખાતામાંથી કોઈ વ્યક્તિએ લખેલ કોઈ ચેક, તે ખાતામાં નાણાં રકમ, ચેક સ્વીકારવા માટે અપૂરતા હોવાના અથવા તે બેન્ક સાથે કરેલી કબૂલાત દ્વારા તે ખાતામાંથી ભરવાની ગોઠવણ કરેલી રકમ કરતાં વધુ, હોવાને કારણે, ભરપાઈ થયા વિના બેન્ક પરત કરે, ત્યારે તેવી વ્યક્તિએ ગુનો કર્યો હોવાનું ગણાશે અને તેને આ અધિનિયમની બીજી કોઇ પણ જોગવાઈઓને બાધ આવ્યા સિવાય, બે વર્ષ સુધીની કેદની અથવા ચેકની રકમ કરતાં બમણી રકમનો દંડ અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**(૮.૨)** ચેક પરત ફર્યાના કેસમાં પ્રાથમિક તબકકે ફરીયાદીએ પુરાવો આપવાનો હોય છે.

સદર પુરાવા થકી પ્રાથમીક પણે ચેકની આપલે થવા બાબત પુરવાર થયે ફરીયાદીની તરફેણમાં અધિનીયમની ક્લમ–૧૧૮ અને ૧૩૯ પ્રમાણેનું અનુમાન કરવાનુ થાય.

પ્રસ્તુત કેસમા ફરીયાદી દવારા આંક- ૪ થી પોતાની સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે અને તેમા જણાવે છે કે આરોપીને તેમની માતાની સારવાર માટે રૂ.૧,૫૦,૦૦૦ ની જરુરીયાત હોય ફરીયાદીએ તેમની બેંકમાથી સેલ્ફના ચેકથી રૂ. ૨ લાખ ઉપાડી લાવી આરોપીને ભરતભાઇ માછી અને ફરીયાદીના પતિની રુબરુમા રૂ.૧,૫૦,૦૦૦ રોકડા આરોપીને તેમની માતાની સારવાર માટે હાથ ઉછીના આપેલા જેની ચુકવણી માટે આરોપીએ ફરીયાદવાળો ચેક આપેલ જે બેંકમા રજુ કરતા વગર સ્વીકારાયે પરત આવેલ છે.

હવે ફરીયાદીના મૌખીક પુરાવાનુ બચાવપક્ષ દવારા પેરા-૪.૧ મા વીગતવાર ચર્ચા મુજબ ઉલટ તપાસ કરી ખંડનાત્મક પુરાવો રજુ કરેલ નથી. આંક- ૧૧ થી ફરીયાદીએ આરોપીને નોટીસ આપી છે જેની બજવણી થઇ છે. આમ, ફરીયાદી એ તેમની ફરીયાદ અને જુબાનીના સમર્થનમા આંક- ૦૭ થી ૧૩ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે અને રજુ પુરાવા આધારે ફરીયાદી વિગતનો ચેક વગર સ્વીકારાયે પરત ફરેલ હોવાનુ સ્પષ્ટ પણે ફલીત થાય છે તેમજ ફરીયાદી દવારા ફરીયાદ દાખલ કરતા અગાઉ નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઇઓનુ પાલન થયેલ હોવાની હકીકત પણ સ્પષ્ટપણે સાબીત થાય છે.

**(૮.3)** હવે ફરીયાદીએ આરોપીને આપેલ નોટીસનો કોઇ જવાબ આપેલ નથી. તેમજ ફરીયાદવાળા ચેક ઉપર આરોપીની સહી ન હોવા બાબતે આરોપી દવારા કોઇ જ તકરાર લીધેલ નથી. આથી અધીનીયમની કલમ-૧૩૯ નુ અનુમાન ફરીયાદીની તરફેણમા કરવુ ન્યાયોચીત જણાય છે. ફરીયાદીની તરફેણમા અધીનીયમની કલમ-૧૩૯ નુ અનુમાન કર્યા બાદ ફરીયાદપક્ષના કેસ ની હકકીતનુ ખંડન કરવાની જવાબદારી આરોપીના શીરે રહે છે. હવે પેરા- ૪.૧ મા વીગતવાર વર્ણન કર્યા મુજબ આરોપીને બચાવ કરવાની પુરતી

તકો આપવા છતા આરોપીએ પોતે સ્વેચ્છીક રીતે ગેરહાજર રહેવાનુ પસંદ કરી ફરીયાદી ની જુબાનીની કોઇ ઉલટ તપાસ કરેલ નથી કે ફરીયાદીના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાનુ કોઇ ખંડન કરેલ નથી. આમ આ કામના આરોપી તરફથી ફરીયાદ હકીકત અન્વયે કોઇ પણ ખંડનાત્મક પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી.

**(૮.૪)** આ તબકકે નામદાર ગુજરાત હાઇકોર્ટના મનોજ વાસુદેવ સોમપુરા વિરુધ્ધ ગુજરાત રાજય ના R/SCR.A/6721/2023 ના ચુકાદા ના અવલોકન ધ્યાને લઇએ તો...

Para no. 14. Considering the facts and circumstances of the case, this Court is of the opinion that the trial Court was completely justified in passing the impugned judgment and order. The decision to not conduct cross-examination of the complainant in spite of repeated opportunities and to not remain present on the next date of trial when his Further Statement u/s. 313 of Cr.P.C. recorded on the earlier date was to be exhibited was a deliberate, intentional and conscious decision on the part of the petitioner. It was not that the petitioner was not aware about the stage of trial proceedings. However, deliberately, the petitioner had chosen to remain absent from the trial proceedings from the date his Further Statement u/s. 313 of Cr.P.C. was recorded but before it could be exhibited."

**(૮.૫)** આમ,આ કામના આરોપી તરફથી ફરીયાદ હકીકત અન્વયે કે ફરીયાદીના મૌખીક કે દસ્તાવેજી પુરાવાઓનુ ખંડન કરતો કોઇ પણ ખંડનાત્મક પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી, દસ્તાવેજી પુરાવા આધારે ફરીયાદી લેણી રકમ હોવાની હકીકત પ્રસ્થાપીત કરતા હોય અને આરોપીએ તે મુજબની લેણી રકમ માટે ફરીયાદવાળો ચેક આપેલ હોવાનુ પ્રસ્થાપીત થાય છે અને ખંડનાત્મક પુરાવા રજુ નહી કરવાના કીસ્સામા અધિનીયમની કલમ-૧૩૯ અંગેના પુર્વાનુમાન સંદર્ભે ખંડનાત્મક પુરાવો રજુ કરવામા આરોપી સદંતર નિષ્ફળ રહેલા હોવાનુ ઠરાવવામા આવે છે. વધુમા આરોપી દવારા ફરીયાદીએ આપેલ

નોટીસનો કોઇ જવાબ આપેલ નથી. અધીનીયમની કલમ-૧૪૫ (૨) માટે કોઇ અરજ અહેવાલ કરેલ નથી. ઉપરોકત પેરા-૪.૧ મા જણાવ્યા મુજબ આરોપીને પુરતી તકો આપવા છતા આરોપીએ સ્વેચ્છાએ પોતાનો બચાવ કરવા ગેરહાજર રહેલા હોવાનુ માનવાને વ્યાજબી કારણ રેકર્ડ જોતા ફલીત થાય છે. આ કામે આરોપીએ પોતે ફરીયાદી ની ઉલટ તપાસ કરવા સારુ હાજર રહેલા નથી કે ફરીયાદી દવારા પુરાવા બંધની પુરસીસ રજુ કર્યા બાદ પોતાનો બચાવ પક્ષનો પુરાવો રજુ કરવા હાજર રહેલા નથી. આથી જે તે સ્ટેજ અંગે આરોપીના હકક બંધ કરી કેસની કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ છે. આરોપી કેસની કાર્યવાહી વિલંબીત કરવાના ઇરાદા માત્ર થી ગેરહાજર રહેલા છે તેમ રેકર્ડ અને રોજકામ જોતા માનવાને વ્યાજબી કારણ રહે છે. આ તબકકે ૧૯૯૬(૩) જી.એલ.આર પાના નંબર ૧૪૩ ***સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નારુભાઇ અમરાભાઇ ચુનારા*** નો ચુકાદો ધ્યાને લેતા આ ચુકાદામા નામદાર ગુજરાત હાઇકોર્ટે પેરા-૪ મા ઠરાવેલ છે કે પોતાના ખોટા કૃત્યનો લાભ આરોપીને મળી શકે નહી. આરોપી કેસનો આખરી નિર્ણય ના આવે તે માટે ન્યાયીક પ્રક્રિયામા ગેર હાજર રહી ન્યાય વ્યવસ્થાની પ્રક્રિયા અટકાવી શકે નહી. આ હાલના કેસની હકીકત લક્ષમા લેતા આ કેસમા જે કઇ ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામા આવેલ તે આરોપીની હાજરીમા નોંધવામા આવેલ છે, બાદ આરોપી કેસની કાર્યવાહી વિલંબીત કરવાના હેતુથી પોતે ઇરાદપુર્વકની ગેરહાજર રહેલા છે.

**(૮.૬)** ઉપરોકત ચર્ચા મુજબના કારણોસર, ફરીયાદપક્ષ તરફે રજુ પુરાવાથી ફરીયાદ વિગતના ચેકો ફરીયાદ વિગતના કાયદેસરના દેવાની ચુકવણી પેટે આરોપી દવારા આપવામા આવેલ હતા તેવી હકીકત પણ સ્પષ્ટપણે સાબીત થયેલ છે. ફરીયાદવાળા ચેકો ઉપર આરોપીની સહી બાબતની કોઇ તકરાર આરોપી દવારા લેવામા આવી નથી. વધુમા ફરીયાદી પોતાની ફરીયાદ હકીકત પોતાના મૌખીક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા આધારે પુરવાર કરવામા સફળ રહેલા છે તે સંજોગોમા ફરીયાદી ફરીયાદમા જણાવેલ

લેણી રકમ કાયદેસરની લેણી રકમ હોવાની હકીકત રેકર્ડ પર લાવી પોતાનો કેસ પુરવાર કરવામા સફળ રહેલા હોવાનુ ઠરાવવામા આવે છે.અને આ કામના આરોપી અધિનીયમ ની કલમ-૧૩૯ મુજબના અનુમાન સંદર્ભે ખંડનાત્મક પુરાવો રજુ કરવામા નિષ્ફળ ગયેલ છે. ફરીયાદપક્ષે રજુ મૌખીક અને દસ્તાવેજી પુરાવાથી આરોપીએ અધિનીયમની કલમ-૧૩૮ મુજબ શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે તેવી હકીકત સાબીત થાય છે તેમ ઠરાવવામા આવે છે અને મુદ્દા નંબર ૧ નો જવાબ હકારમા આપવામા આવે છે. ઉપરોકત ચર્ચા મુજબ મુદ્દા નંબર ૧ અન્વયે ફરીયાદપક્ષ દવારા આરોપી વિરૂધ્ધ તહોમત પુરવાર કરેલ હોય મુદ્દા નંબર ૨ અન્વયે નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

**-// હુ ક મ //-**

**(૧)** ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૨૫૫ (૨) મુજબ આરોપી મોહસીન નાસિર ભાઇ ગરાસીયા.રહે :- ગરાસિયા ફળીયુ, ગામ અવાખલ,તાલુકો સીનોર, જીલ્લો વડોદરાનાઓને તેમની સામેના આક્ષેપ વટાઉખત અધિનીયમની કલમ-૧૩૮ મુજબના શીક્ષાપાત્ર ગુના અંગે તકશીરવાન ઠરાવવામા આવે છે.

**(૨)** સજા અંગેનો હુકમ કરતા અગાઉ સજા અંગે હાજર પક્ષકારોની સુનાવણી માટે મુલત્વી.

ચુકાદો આજરોજ તારીખ:૦૧,માહે.ઓકટોબર, સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: અમદાવાદ.

તારીખ: ૦૧.૧૦.૨૦૨૪

(ભરતકુમાર વિઠ્ઠલભાઇ પરમાર)
૨૧ મા એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર, કોર્ટ નંબર ૩૩.
કોડ નંબર જીજે ૦૦૯૩૯.

**(૧૦)** સજા અંગે સાંભળવા માટે આજરોજ ફરીયાદી કે તેના વકીલશ્રી હાજર નથી કે આરોપી કે તેના વકીલશ્રી હાજર નથી.

**(૧૦.૧)** કેસની હકીકત લક્ષમા લીધી, અધિનીયમની કલમ-૧૩૮ ની સજાની જોગવાઇ ધ્યાને લીધી. વળતર ચુકવવા માટે કાયદાકીય જોગવાઇના અસરકારક અમલ માટે વળતર ચુકવવામા કસુર કરે તેવા સંજોગોમા કેદની સજા અંગે હુકમ કરવો જોઇએ. અધિનીયમની કલમ-૧૩૮ની જોગવાઇનો હેતુ આર્થિક વ્યવહારો જવાબદારી પુર્વક થાય અને સામાન્ય ક્રમમા થતા આર્થિક વ્યવહારોની શાખ જળવાય રહે તે અંગેનો છે. જેથી વળતરની રકમ ફરીયાદીને થયેલ નુકશાન કે જેઓ સીવીલ કેસ કરી વસુલ મેળવી શકે તે મુજબનુ ચુકવવાનો હુકમ કરવો આ તબકકે ન્યાયોચીત જણાય છે. આથી પ્રસ્તુત કેસમા ફરીયાદીને ચેકની રકમ રૂ.૧,૫૦,૦૦૦(અંકે રુપીયા એક લાખ પચાસ હજાર પુરા) વાર્ષિક ૬ % ટકાના સાદા વ્યાજના દરે ચેક રીટર્ન થયા તારીખથી આ રકમ ચુકવી આપે ત્યાં સુધીના સમય ગાળા માટે ચઢેલ વ્યાજ સહીતની રકમ તેમજ સદર કેસની ન્યાયીક કાર્યવાહીમા થયેલ ખર્ચ ની યોગ્ય રકમ વળતર તરીકે રૂ.૧૦,૦૦૦ (અંકે રુપીયા દસ હજાર પુરા) ની રકમ વળતર પેટે આરોપીએ આ કામના ફરીયાદીને ચુકવી આપવા હુકમ કરવામા આવે છે. જો વળતરની રકમ ચુકવવામા કસુર કરે તો તેવી કસુર બદલ વધુ ૬ માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવો પણ ન્યાયોચીત જણાય છે.

**(૧૦.૨)** આ કેસ આર્થિક વ્યવહારો સાથે સંકળાયેલ હોય કેસની હકકીત લક્ષમા લેતા કાયદામા મહતમ બે વરસની કેદની સજાની જોગવાઇ કરવામા આવેલ છે પણ આ કેસની હકીકત અને કેસના સંજોગો ધ્યાને લઇ આ કેસમા આરોપીને ૧૨ (બાર) માસની સાદી કેદની સજા કરવી ન્યાયોચીત જણાય છે. આથી ઉપરોકત કારણોસર નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

**- //આ ખ રી હુ ક મ //-**

**(૧)** ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૨૫૫ (૨) મુજબ આરોપી મોહસીન નાસિર ભાઇ ગરાસીયા.રહે :- ગરાસિયા ફળીયુ, ગામ અવાખલ,તાલુકો સીનોર, જીલ્લો વડોદરા  નાઓને તેમની સામેના આક્ષેપ વટાઉખત અધિનીયમની કલમ-૧૩૮ મુજબના

શીક્ષાપાત્ર ગુના સબબ આરોપી ને ૧૨ (બાર) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

**(૨)** ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૩૫૭ (૩) અન્વયે આરોપીએ આ કામના ફરીયાદીને વળતર પેટે ચેકની રકમ રૂ.૧,૫૦,૦૦૦(અંકે રુપીયા એક લાખ પચાસ હજાર પુરા) વાર્ષિક ૬ % ટકાના સાદા વ્યાજના દરે ચેક રીટર્ન થયા તારીખથી આ રકમ ચુકવી આપે ત્યાં સુધીના સમય ગાળા માટે ચઢેલ વ્યાજ સહીતની રકમ તેમજ સદર કેસની ન્યાયીક કાર્યવાહીમા થયેલ ખર્ચની યોગ્ય રકમ વળતર તરીકે રૂ.૧૦,૦૦૦ અંકે રુપીયા દસ હજારની રકમ વળતર પેટે આરોપીએ આ કામના ફરીયાદીને ચુકવી આપવા હુકમ કરવામા આવે છે. જો આરોપી વળતરની રકમ ચુકવવામા કસુર કરે તો આરોપીને વધુ ૬ (છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

**(૩)** આ ચુકાદાની એક નકલ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૩૬૩ અન્વયે આરોપી ને વિના મુલ્યે આપવા હુકમ કરવામા આવે છે.

**(૪)** આરોપી સજાના હુકમની અમલવારી માટે જાતે હાજર ન હોય, ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ- ૪૧૮ (૨) મુજબ આરોપી વિરુધ્ધ સજાના હુકમની અમલવારી માટે વોરંટ ઇસ્યુ કરવુ.

ચુકાદો આજરોજ તારીખ:૦૧,માહે.ઓકટોબર, સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: અમદાવાદ.

તારીખ: ૦૧.૧૦.૨૦૨૪

(ભરતકુમાર વિઠ્ઠલભાઇ પરમાર)
૨૧ મા એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર, કોર્ટ નંબર ૩૩.
કોડ નંબર જીજે ૦૦૯૩૯.